ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૦.૮ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૪૧ ટકા

# શનિવાર રાતથી બસોના પૈડા થંભી ગયા

## પદ્‌માવત ફિલ્મના વિરોધને પગલે લગ્ન સિઝનમાં મુસાફરો હેરાન પરેશાન તો બીજી તરફ ડ્રાઈવર-કડંકટરની હાલત કફોડી : મહેસાણા, વિસનગર, માણસા, ખેરાલુ તરફની બસો બંધ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લામાં તેમજ આસપાસના એરીયામાં પદમાવત ફિલ્મના વિરોધમાં અસામાજીક તત્વોના ટોળાએ ખાનગી વાહનોમાં તોડફોડ તેમજ એસ.ટી.બસમાં પણ તોડફોડ કરીને આગચંપી કરી હતી. રાજયમાં વિવિધ સ્થળોએ અંદાજીત ૮ જેટલી બસને સળગાવી મુકતા તંત્રને લાખો રૂપીયાનું નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે એસ.ટી.નિગમ દ્વારા તાત્કાલીક ધોરણે ઉત્તર ગુજરાત તરફ જતી બસ અટકાવી દેવામાં આવી છે. ત્યારે ગાંધીનગર એસટી ડેપોમાંથી શનિવારના રાતથી ઉત્તર ગુજરાત તરફ જતી મોટાભાગની બસોના પૈડા થંભી જવા પામ્યા છે. ગાંધીનગરથી ઉત્તર ગુજરાતના શહેરો તરફ રોજના હજ્જારો મુસાફરો આવન-જાવન કરે છે. જેથી રવિવારના રોજ ૪૦ થી વધુ બસોના રૂટ અટકી જતા મુસાફરો હેરાન પરેશાન થઈ ઉઠયા છે. જયારે ડ્રાઈવર કંડકટરને પણ રાતવાસો જે તે ડેપોમાં ગુજારવાનો વારો આવ્યો છે.

ગાંધીનગર એસટી ડેપોમાં રવિવારના રોજ બસોની હડતાલ હોય તેવો માહોલ જોવા મળ્યો હતો. ડેપોની અંદર લાઈનસર બસો ખડકી દેવાઈ હતી. પદમાવત ફિલ્મના વિરોધના વંટોળમાં તોફાની ટોળાઓ બસોને નુકશાન કરતા હોવાથી એસટી નિગમે તાત્કાલીક નિર્ણય કરીને જે તે ડેપોમાં બસો ઉભી રાખી દેવાનો આદેશ કર્યો હતો. તેમજ ગાંધીનગરથી ઉત્તર ગુજરાત તરફના હજ્જારો મુસાફરો હોય છે. તેમ છતાં આજે સદંતર મહેસાણા, વિસનગર,માણસા, ખેરાલુ, સહિતના રૂટ બંધ કરી દેવાતા મુસાફરોને ના છુટકે ખાનગી વાહનોમાં મુસાફરી કરવાનો વારો આવ્યો હતો. તો બીજી તરફ ડ્રાઈવર કંડકટરને પણ અચાનક બસ જે તે નજીકના ડેપોમાં રોકાણ કરવાના આદેશ મળતા ગાંધીનગર ડેપોમાં પણ કેટલાક દુરના ડેપોના ડ્રાઈવર-કંડકટરને રોકાવાની ફરજ પડી હતી. વસંતપંચમીના હજ્જારો લગ્ન મહોત્સવ હોય છે ત્યારે આજે ઉતરગુજરાત તરફની બસો બંધ રહેતા મુસાફરોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો.



## વાતવાતમાં

● પેથાપુર નગરપાલિકા પણ સ્વચ્છતા સર્વેક્ષણમાં ભાગ લઈ રહી હોવાથી આ માટે સ્વચ્છતા મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે. આ એપ ડાઉનલોડ કરી સ્વચ્છતા અભિયાનને સઘન બનાવવા પેથાપુરના રહીશોને અપીલ કરવામાં આવી છે.

● ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામે એક વ્યકિતનું તળાવમાં ડૂબી જવાથી મોત થવા પામ્યું છે. તેમજ સુઘડ ખાતેની નર્મદા કેનાલમાંથી એક બિનવારસી વ્યકિતની લાશ મળી આવી છે.

# સિવિલમાં ૨૦૧૭ દરમિયાન ૯૦,૦૦૦ દર્દીઓના એક્સ-રે પાડવામાં આવ્યા

## સૌથી વધુ એક્સ-રે માર્ચ માસમાં તેમજ ઓછા એક્સ-રે સપ્ટેમ્બર માસમાં નોંધાયા


ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે. રોજના હજ્જારો વિવિધ રોગના દર્દીઓ સારવાર માટે આવે છે. પાટનગરમાં મેડીકલ કોલજ બનતા દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સારવારમાં વધારો થતા દર્દીઓનો ધસારો સિવિલ ખાતે રહેવા પામે છે. ત્યારે સિવિલમાં સીટી સ્કેન મશીન તો વર્ષોથી બંધ છે ત્યારે સોનોગ્રાફી મશીનમાં મહિનાનું વેઈટીંગલીસ્ટ છે ત્યારે માત્ર દર્દીઓને ઝડપી અને સરળતાથી સેવા મળી રહેતી હોય તો તે છે માત્ર એક્સ-રે ની.. જયારે વર્ષ ૨૦૧૭માં સિવિલમાં ઓપીડી અને ઈન્ડોર સારવાર લીધી હોય તેવા અંદાજીત ૯૦ હજાર જેટલા દર્દીઓના એક્સ-રે તંત્ર દ્વારા પાડવામાં આવ્યા છે. માર્ચ માસમાં સૌથી વધુ ૮૨૩૪ એક્સ-રે પાડવામાં આવ્યા છે જયારે સૌથી ઓછા ૩૫૮૨ એક્સ-રે સપ્ટેમ્બરમાં માસમાં પાડવામાં આવ્યા છે.

ગાંધીનગર સિવિલમાં ડચકા ખાતુ પણ રોજ નિયમિત ચાલુ રહેતું એક્સ-રે મશીન દર્દીઓ માટે આશિર્વાદરુપ સાબિત થયું છે. સિવિલમાં આવતા વિવિધ રોગના દર્દીઓને સીટીસ્કેન કે સોનોગ્રાફી તો રીપોટ તો થઈ શકે તેમ નથી. સોનોગ્રાફી માટે એક એક માસના વેઈટીંગ બોલે છે. ત્યારે સીટીસ્કેન મશીન ન હોવાથી અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત દર્દીઓને તાત્કાલીક રીફર કરવામાં આવે છે. ત્યારે સિવિલમાં આંતરે દિવસે ચાલુ બંધ રહેતુ એક્સ-રે મશીન દર્દીઓને ઉપયોગી થાય છે. વર્ષ -૨૦૧૭ ના આંકડા પર નજર કરીએ તો માર્ચ માસમાં ૮૨૩૪ દર્દીઓના તંત્ર દ્વારા સૌથી વધુ એક્સ-રે પડાયા છે. જયારે સપ્ટેમ્બરમાં સૌથી ઓછા એક્સ-રે ૩૫૮૨ નોંધાયા છે. જયારે વર્ષ દરમિયાન ૮૮૮૪૪ દર્દીઓના એક્સ-રે તંત્ર દ્વારા પાડવામાં આવ્યા છે. જેમાં ઈન્ડોર અને ઓપીડી બંન્ને દર્દીઓનો સમાવેશ થઈ જાય છે.



ગાંધીનગરના સેકટર-૨૮ સ્થિત શ્રી દત્ત મંદિર ખાતે તાજેતરમાં ડૉ. વર્ષાબેન ભગવતીદાસ મહેતા દ્વારા પોથી સ્વરૂપ શ્રી ગુરુ ચરિત્રનું ગદ્ય સ્વરૂપે રૂપાંતર કરવામાં આવેલ છે જેનું વિમોચન પૂ. જગદીશાનંદજીના હસ્તે યોજાયું હતું. આ પ્રસંગે દત્ત મંદિરે વડોદરાના મહેશભાઈ પાઠકના આચાર્યપદે દત્ત યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુએ લાભ લઈ સમાપને મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો.



શહેરના સેકટર-૬ ઘ-૨ કોર્નર અપનાબજાર પાસે આવેલ જલારામ હોસ્પિટલ ઓર્થોપેડીક જોઈન્ટ રીપ્લેસમેન્ટ સેન્ટર ખાતે આજે મેજર બોડી ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચેક અપ કેમ્પમાં ૧૫૦થી વધુ નાગરિકોએ બોડી ચેકઅપ કરાવ્યું હતું. જયારે ૧૦૦ જેટલા નાગરિકોને શરીરમાં હાડકામાં રહેલા કેલ્શિયમની માત્રા બતાવતો ટેસ્ટ, હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ સહિતના દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પમાં ઓર્થોપેડીક સર્જન તરીકે ડૉ. હાર્દિકસિંહ વાઘેલા, ડૉ. કે.એ. તલસાણીયા અને ફિઝીશ્યન તરીકે ડૉ. યુ.એ. મિસ્ત્રીએ સેવા આપી હતી.

# સે-૨ના નવીનીકરણ થયેલા રોડના બમ્પ પર કોર્પોરેટરે સફેદ પટ્ટા દોર્યા...!!!

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના વિવિધ સેકટરોના આંતરિક માર્ગોનું નવીનીકરણનું કાર્ય જોશભેર ચાલી રહ્યું છે. જો કે આ નવીનીકરણ દરમિયાન આંતરિક માર્ગ પરના બમ્પ પર સફેદ પટ્ટા ચીતરવામાં વાર લાગતી હોવાથી વાહનચાલકો ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકોને પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે. આ પરિસ્થિતિમાં વોર્ડ નં. ૮માં સેકટર-૨માં સ્થાનિક કોર્પોરેટર પાયલબોન મેણાત તથા તેમનાકાર્યકરો દ્વારા આ પ્રકારના બમ્પ પર જાતે જ સફેદ પટ્ટા દોરવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.



ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૮ના જાગૃત મહિલા કોર્પોરેટર દ્વારા સ્થાનિક વસાહતીઓની રજૂઆતના પગલે સત્વરે સમસ્યા ઉકેલવા કાર્યકરો સાથે જાતે આરંભેલ કાર્યને વસાહતીઓએ બિરદાવ્યું હતું. છેલ્લા પાંચેક દિવસમાં સેકટર-૨માં નવિનીકરણ કરાયેલા આંતરિક માર્ગો પરના બમ્પ પર સફેદ પટ્ટા ના હોવાને કારણે ચાર થી પાંચ ટુ-વ્હીલર ચાલકો પડી જવાના બનાવો બન્યા હોવાથી સ્થાનિક રહીશોએ કોર્પોરેટરને રજૂઆત કરી હતી. આ રજૂઆતના પગલે કોર્પોરેટર પાયલબેન મેણાતે તંત્રને રજૂઆત કરી રાહ જોવાને બદલે સ્થાનિક અગ્રણી કાર્યકરો જેવા કે વસંતભાઈ પરમાર, મેહુલભાઈ સોલંકી, મહેન્દ્ર ભરાડા વગેરેને સાથે લઈ તમામ બમ્પ પર સફેદ પટ્ટા દોરવાનું કાર્ય હાથ ધર્યું હતું.

# આજથી સે-૫ બી ખાતે શ્રીમદ્ દેવી ભાગવત કથાનો પ્રારંભ

ગાંધીનગર શહેરના સેકટર-૫ બી ખાતે આવેલ મહાકાળી માતાજીના ૧૫ માં પાટોત્સવ નિમિતે શ્રીમદ્ દેવી ભાગવત કથાનું આયોજન આગામી તા. ૨૨ થી ૩૦ જાન્યુઆરી દરમિયાન કરવામાં આવ્યું છે. પૂ. રામભાઈની વ્યાસપીઠે દરરોજ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન કથા યોજાશે. કથા દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે તા. ૨૨ ને સોમવારના રોજ બપોરે ૨ કલાકે સેકટર-૫ બી પ્લોટ નં-૫૩૬-૧ પ્રેમલસિંહ ગોલના નિવાસ સ્થાનેથી પોથીયાત્રા નીકળશે. જેમાં સૌ વસાહતીઓ તેમજ નાગરીકોને ઉપસ્થિત રહેવા કથા પારાયણ સમિતિ અને સે-૫ વસાહત મંડળ દ્વારા અનુરોધ કરાયો છે.

ગાંધીનગર શહેરના સેકટર-૫ બી ખાતે આવેલ મહાકાળી માતાજી મંદિરનો ૧૫ માં પાટોત્સવ નિમિતે શ્રીમદ્ દેવી ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથામાં દિપ પ્રાગટય કમલાપુંજ ચેરીટેબલ ટ્રસ્ટના અંબુસિંહ પી. ગોલના હસ્તે કરવામાં આવશે. તા. ૨૨ થી ૩૦ દરમિયાન કથા બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે. જયારે તા. ૩૦ ના રોજ સાંજે ૬ કલાકે પ્રસાદનું તેમજ ૭ કલાકે રાસ-ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. શહેરની સૌ ધર્મપ્રેમી નાગરીકોને કથા શ્રવણનો લાભ લેવા સંયોજક પ્રેમલસિંહ ગોલ તેમજ કથા પારાયણ સમિતિ અને સે-૫ વસાહત મંડળ દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

# સરકારી કામગીરીમાં અટવાતા શિક્ષકો બાળકોને ભણાવશે કયારે??

## ચુંટણીઓમાં રાજયના કથળેલા પ્રાથમિક શિક્ષણના આરોપનો સામનો કરનાર નવી રાજય સરકાર શિક્ષકો પરની સરકારી કામગીરીનો બોજ ઘટાડશે?? તમામ ચુંટણીઓ એક સાથે યોજવાનો વડાપ્રધાનનો વિચાર અમલી બનશે ત્યારે ખરો પણ ત્યાં સુધીમાં સરકારી ઉત્સવોની જવાબદારી ઘટાડવા પ્રયત્ન થશે??




ગાંધીનગર, તા.૨૧

તાજેતરમાં જ યોજાયેલ વિધાનસભાની ચુંટણીઓમાં વિવિધ મુદ્દાઓ વચ્ચે રાજયમાં પ્રાથમિક શિક્ષણના કથળેલા સ્તરનો મુદ્દો પણ વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. આ મુદ્દા અંતર્ગત રાજયમાં શિક્ષણના વ્યાપારીકરણ સાથે સરકારી શાળાના શિક્ષકો પર શિક્ષણ ઉપરાંતની સરકારી કામગીરીના વધતા જતા બોજને કારણે પ્રાથમિક શિક્ષણ કથળી રહ્યું હોવાનો આક્ષેપ રાજય સરકાર પર કરવામાં આવ્યો હતો. આ પ્રકારની ફરિયાદો માત્ર ચુંટણી સમયે જ નહી પરંતુ રોજબરોજ વારંવાર પણ ઉઠતી રહે છે ત્યારે ચુંટણીમાં પાતળી બહુમતીથી મેળવેલા જનાદેશના આધારે રચાયેલી નવી સરકાર તથા પુનઃ નિયુકિત પામેલ શિક્ષણમંત્રી આ બાબતે વિચાર કરી શિક્ષકો પર સરકારી કામગીરીનો બોજ ઘટાડવા પ્રયત્ન કરશે?? શું ભારતના ભાવિ તરીકે વારંવાર સંબોધતા બાળકના યોગ્ય પ્રાથમિક શિક્ષણ પર શિક્ષકો તેમનું ધ્યાન કેન્દ્રિત કરી શકે તેવી નીતિ ઘડાશે??

ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળ દ્વારા ‘પ્રાથમિક શાળાઓ માટેનું વાર્ષિક શૈક્ષણિક પ્રવૃત્તિ કેલેન્ડર વર્ષ ૨૦૧૬-૧૭’ બહાર પાડવામાં આવ્યું છે. આ કેલેન્ડર અનુસાર વર્ષના કુલ ૩૬૫ દિવસમાંથી ઉનાળુ અને દિવાળી વેકેશનના મળીને ૫૭ દિવસો, વર્ષમાં ૪૮ રવિવાર, ૧૮ જાહેર રજાઓ વગેરે બાદ કરતા શિક્ષણ કાર્ય માટે ૨૪૬ દિવસ વધે છે. આ જ કેલેન્ડરમાં શાળા કક્ષાએ ઉજવણી કરવાના દિન વિશેષની સંખ્યા ૧૩ દર્શાવવામાં આવી છે. જેમાં વિશ્વ વસ્તી દિન, સ્વાતંત્ર્ય દિન, શિક્ષક દિન, બાળ દિન, વિશ્વ એઈડસ દિન, ધ્વજ દિન, માનવ અધિકાર દિન, રાષ્ટ્રીય યુવા દિન, પ્રજાસત્તાક દિન, ગાંધી નિર્વાણ દિન, રાષ્ટ્રીય વિજ્ઞાન દિન, આંતરરાષ્ટ્રીય મહિલા દિન અને ગુજરાત રાજય સ્થાપના દિનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત શાળાની અનુકૂળતા મુજબ ઉજવણી કરી શકાય તેવા વિશ્વ પર્યાવરણ દિન, યોગ દિન, ગાંધી યંતિ, ઉર્જા બચત દિન, માતૃભાષા ગૌરવ દિન, વન દિવસ, જળ દિન વગેરે સહિત કુલ ૧૫ દિવસનો સમાવેશ કરાયો છે. વળી કેલેન્ડરમાં એસસીઈ અંતર્ગત





વિવિધ ૨૦ પ્રકારની શાળાકીય પ્રવૃત્તિઓનું લિસ્ટ પણ આપવામાં આવ્યું છે. જેમાં હિન્દી ગુજરાતી વકતૃત્વ સ્પર્ધા, સુલેખન સ્પર્ધા, ચિત્ર હરિફાઈ, વર્ગ સુશોભન, મહેંદી, કેશ ગુંથન, કાવ્ય રચના, મુકત હસ્તકલા, નિબંધ લેખન, અભિનય, રમતોત્સવ વગેરે સહિતની અનેક સ્પર્ધાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પ્રખરતા શોધ, જવાહર નવોદય પ્રવેશ, શિષ્ટ વાંચન તથા શિષ્યવૃત્તિ સહિતની બાહ્ય પરીક્ષાઓ પણ ખરી. આ કેલેન્ડરમાં અઢળક સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનું પણ લાંબુસચક લિસ્ટ આપવામાં આવ્યું છે. જેનું શાળા સંચાલકો મરજિયાત પણે આયોજન કરી શકે છે જેમાં પારંપરિક ઉત્સવોનો પણ સમાવેશ થાય છે.

હવે જો શાળામાં આ કેલેન્ડરમાં દર્શાવ્યા મુજબ જો તમામ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે તો શકય છે કે શિક્ષણ માટે એક પણ દિવસ વધે નહીં જો કે આમાંથી મોટા ભાગની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના શિક્ષણને સંલગ્ન હોય છે જેમ કે વિજ્ઞાન મેળો અને વિવિધ પરીક્ષાઓ, પરંતુ કેલેન્ડરમાં જે ‘શાળાની અનકૂળતા મુજબ ઉજવણી કરી શકાય તેવા દિવસો’નું લિસ્ટ આપવામાં આવ્યુ છે તેમાંથી મોટા ભાગની ઉજવણીઓના આયોજન અંગે વિવિધ સરકારી વિભાગો દ્વારા વાયા શિક્ષણાધિકારી ‘ફરમાન’ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે વિશ્વ ઊર્જા બચત દિન, આંતરરાષ્ટ્રીય યોગ દિન કે પછી માતૃભાષા ગૌરવ દિન ઉજવવા માટે આવતા પરિપત્રોનું શાળાએ પાલન કરવું પડે છે. વારંવાર આ પ્રકારના વિવિધ આયોજનો એક દિવસમાં તો શકય બનતા નથી પરંતુ એક દિવસ ઉજવવા પાછળ ઓછામાં ઓછા ત્રણેક દિવસની મહેનત લાગે છે અને આ દરમિયાન બાળકોનું શિક્ષણ કાર્ય ખોરંભે ચઢે છે. ચાલો માની લઈએ કે આ શિક્ષણને સંલગ્ન પ્રવૃત્તિઓ છે પરંતુ સરકાર દ્વારા અન્ય રાષ્ટ્રીય કામગીરીનો બોજ પણ શિક્ષકો પર જ લાજવામાં આવે છે તેનું શું? આ રાષ્ટ્રીય કામગીરીમાં ચુંટણીની કામગીરી, વસ્તી ગણતરી, પ્રવેશોત્સવ, ગરીબ કલ્યાણ મેળા, વાંચન પર્વ, ગાંધી-સપ્તાહ, ખેલ મહાકુંભ, આધાર કાર્ડ, જનધન યોજના અંતર્ગત બેંક એકાઉન્ટની કામગીરી જેવી અનેક ફરજિયાત જવબદારીઓનો સમાવેશ થાય છે. હવે વિચારો કે શિક્ષકો પાસે પડેલા ૨૪૬માંથી કેટલા દિવસ ખરેખર શિક્ષણ માટે વધે છે? અને એ વધેલા દિવસોમાં અપાયેલા શિક્ષણ કાર્ય પર ગુણોત્સવનો ભાર કેટલો વ્યાજબી છે?

તાજેતરમાં તા. ૧૬મી જાન્યુઆરીએ ‘પ્રથમ’ સંસ્થા દ્વારા કરાયેલ ‘એન્યુઅલ સર્વે ઓફ એજયુકેશન રિપોર્ટ’ એટલે કે એએસઈઆર-૨૦૧૭ માધ્યમોમાં જાહેર કરાયો હતો. આ સર્વે મુજબ આરટીઈના કારણે વર્ષ ૨૦૧૧માં શિક્ષણનું પ્રમાણ ૪૪ ટકા હતું તે વધીને ૭૦ ટકા સુધી પહોંચવા પામ્યું તો છે પરંતુ આ શિક્ષણની ગુણવત્તાના આંકડા જુઓ તો ચોંકાવી દેનારા છે. આ સર્વેમાં મોટા ભાગના બાળકો પાયાના પ્રશ્નોના જવાબો આપવા પણ સક્ષમ ન હતા અને ગ્રામીણ વિસ્તારના માત્ર ૬ ટકા બાળકો જ કોલેજ કક્ષાના શિક્ષણ સુધી પહોંચી શકયા છે. આ સર્વેના આંકડાઓએ શિક્ષણવિદોને અચંબિત કરવા સાથે વિચારવા મજબૂર કર્યા છે. અત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના શિક્ષકો પર સરકારી કામગીરીનો બોજ ઘટાડવા દેશમાં તમામ ચુંટણીઓ એક સાથે યોજવાનો વિચાર વ્યકત કર્યો છે. પરંતુ આ વિચાર હકીકતમાં ફેરવાય ત્યાં સુધી આપણા ભૂલકાંઓ જેઓ આ મહાન રાષ્ટ્રનું ભવિષ્ય છે તેમનું પ્રાથમિક શિક્ષણ શું આમ જ પાંગળું રહેશે?? શું ગુજરાતની નવી રાજય સરકાર શિક્ષકો પરની સરકારી કામગીરીનો બોજ ઘટાડવા તરફ પહેલ કરશે??

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com

## આજે શિવકથામાં માતાજી પ્રાગટય ઉત્સવ યોજાશે

સે-૨૨ ખાતે ચાલતી શિવ મહાપુરાણ કથામાં આજે માતાજીના પ્રાગટય કથા, રાસ-ગરબા, આનંદનો ગરબો દિલીપગુરુજીના વ્યાસપીઠે યોજાશે. સાથે શિવકથાના ત્રીજા દિવસે ભારતીબાપુના મુખે જયોર્તિલિંગ પ્રાગટય કથા સાથે રૂદ્રાક્ષનું મહાત્મ્યનું ગાન તેમજ રસપાન કથામાં કરાવાશે.

## વિરદાદા જશરાજ શહિદ દિન નિમિત્તે સુંદરકાંડના પાઠનું આયોજન

ગાંધીનગરની જાણીતી સામાજીક સંસ્થા લોહાણા યુવા સંગઠન દ્વારા આજ રોજ વિરદાદા જશરાજ શહિદ દિન નિમિત્તે જલારામ મંદિર, સેક્ટર-૨૯ ખાતે સુંદરકાંડના પાઠનું આયોજન સાંજે ૭.૦૦ કલાકે કરવામાં આવેલ છે. આ ઉપરાંત વિરદાદા જશરાજના ગૌરવવંતા શહાદતને બિરદાવવા અને સુંદરકાંડના પાઠમાં સમ્મલિત થતા સૌ નગરજનોને ભક્તિભાવપૂર્ણ આમંત્રણ સંસ્થા તરફથી પાઠવવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. રામબા લક્ષ્મણસિંહ વાઘેલા, ઉ.વ. ૮૫
- સ્વ. ગવીબેન રમેશભાઈ ભંગી, ઉ.વ. ૪૨